# ધોરણ: 8 ગુજરાતી

પીડીએફમાં જેટલા પ્રશ્નો છે તે

સ્વાધ્યાયપોથીમાં એકવાર

લખવા.

8849475526

5 વાગ્યા સુધીમાં લેશનના ફોટા મોકલવા.

શિતલ મેડમ

(2) 'પણ ડહકલો નાખવા કોણ જશે?'

આ વાક્ય ચંદા બોલે છે અને ગામના લોકોને કહે છે.

(3) 'બેટા! પુરુષથી ન થાય તે કામ આજે તેં કર્યું.'

આ વાક્ય રયજી બોલે છે અને દિકરી ચંદાને કહે છે.

(4) 'તમે પુરુષ દેખતા હો તો – હું તો કોઈને પુરુષ દેખતી નથી.'

આ વાક્ય ચંદા બોલે છે અને તેના પિતા રયજીને કહે છે.

**7. નીચેના પ્રશ્નોના બે વાક્યોમાં ઉત્તર લખો :**

(1) એક ડાહ્યા ઉંદરે બિલાડીના દુઃખનો કયો ઉપાય બતાવ્યો? એક ડાહ્યા ઉંદરે બિલાડીના દુઃખનો ઉપાય બતાવતાં કહ્યું કે બિલાડીના ગળે ઘંટ બાંધ્યો હોય તો તે આવે એની આપણને ખબર પડે. એટલે બિલાડી આવે તે પહેલાં બધા ઉંદર દરમાં સંતાઈ જાય.

(2) ચંદાએ ગામના લોકોને 'વગર પૂંછડાના ઉંદર' કેમ કહ્યા? જેમ પૂંછડાવાળા ઉંદર બિલાડીના ગળે ઘંટ બાંધવાની તાકાત ધરાવતા નથી એમ ગામના લોકોમાં પણ સાંઢને નાથવાની હિંમત નથી. આથી ચંદાએ ગામના લોકોને 'વગર પૂંછડાના ઉંદર' કહ્યાં.

(3) સાંઢને નાથવા અંગે લોકોના મનમાં શો ભય હતો? સાંઢને નાથવા અંગે લોકોના મનમાં ભય હતો કે સાંઢને નાથવા જનારને તોફાની સાંઢ મારી નાખશે. માનવની જાતનો શો ભરોસો?

(4) રયજી કેમ નિરાશ થયો? ચંદા સાંઢને નાથવા જવાની છે એ જાણીને રયજીએ ચંદાને ઘણી સમજાવી, પણ ચંદા એકની બે ન થઈ. ચંદાએ ન તો પિતાસાથે પિતા સાથે દલીલ કરી કે ન પોતાનો વિચાર ફેરવ્યો. આથી રયજી નિરાશ થયો.

(5) પોતાના પગ બંધાઈ ગયા છે એ જાણીને આખલાએ છૂટવા માટે શું કર્યું? પોતાના પગ બંધાઈ ગયા છે એ જાણીને પાંજરામાં સિંહ નાખે તેમ આખલો બરાડ્યો અને ઉધામા મારી એ બેઠો થયો. એણે દોડવાનો પ્રયત્ન કર્યો, પણ એના પગ સામસામા બંધાયા એટલે એણે બીજો બરાડો પાડ્યો.

**8. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો :**

(1) ગામમાં શી આફત આવી પડી હતી? એક તોફાની, મદમસ્ત સાંઢ રખડતો-રખડતો ગામમાં આવી ચડ્યો હતો, એણે ભેંસને સીમાડામાં જતાં ઢોર જાવ લઈને નાસતાં, દિવસે-દિવસે સાંઢનો કેર વધવા માંડ્યો હતો. સાંઢ સીમનો ચાક બગાડી નાખતો, પણ કોઈ ચૂં કે ચાં કરી શકતું નહિ. ગામમાં આ આફત આવી પડી હતી.

(2) આખલાએ શા માટે ચંદા પર હુમલો ન કર્યો? ચંદાની અણિયાળી આંખોથી અંજાયો હોય એમ આખલો પડ્યો-પડ્યો ચંદાને તાકી રહ્યો. ચંદાએ તેની આંખમાં આંખ પરોવી ત્રાટક કર્યું. સામાન્ય રીતે દૂરથી કોઈ મનુષ્ય કે પશુને આવતો જુએ એટલે આખલો તેની પાછળ પડતો, પણ અહીં તો એ ઊંચી ડોક કરી ચંદા તરફ તાકી જ રહ્યો. ગુમાની આખલાને એ સ્ત્રી ક્ષુલ્લક લાગી હતી કે પછી એનાં સ્ત્રીશક્તિ અને સૌંદર્યથી એ અંજાઈ ગયો હતો. તેથી આખલાએ હુમલો ન કર્યો.

(3) ત્વરિત પગલાં ઉપાડતી ચંદાના પગ થંભી જતાં લોકોના ટોળામાં શો ગણગણાટ થવા માંડ્યો? *અથવા* રયજીનો જીવ પડીકે શા માટે બંધાયો? ત્વરિત પગલાં ઉપાડતી ચંદાના પગ થંભી જતાં લોકોના ટોળામાં ગણગણાટ થવા માંડ્યો. કોઈએ કહ્યું, 'આખરે બી ગઈ!' કોઈ ઠાવકી બોલ્યું, 'એ તો મોંએ બોલે એટલું જ. બધા હતા એટલે ગુમાનમાં ત્યાં સુધી ગઈ!' ત્રીજું બોલ્યું, 'આખલાની વિકરાળ આંખો જોઈ ભલભલાના હાંજા ગગડી જાય તો એનું શું ગજું?' આ ગણગણાટ સાંભળીને રયજીનો જીવ પડીકે બંધાયો.

(4) આખલો ઊંચી ડોક જમીન ઉપર નાખી નિરાંતે શા માટે સૂતો હતો? ચંદા આખલાની પાસે બેસી હિંમતથી તેના કપાળ પર અને આંખો ઉપર હાથ ફેરવી તેની સાથે ગેલ કરવા લાગી. તેના કૂમળા હાથનો સ્પર્શ આખલાને ગમતો હતો. ચંદાના હાથનો સ્પર્શ તેના શરીરને શાતા થતી હશે, એ માટે આખલો ઊંચી ડોક જમીન ઉપર નાખી નિરાંતે સૂતો હતો.

(5) ચંદાએ આખલાના બંને પગે ડહકલાનો ગાળો ક્યારે ભેરવી દીધો? આખલો નિરાંતે બેસી રહ્યો એટલે ચંદાનો રહ્યો-સહ્યો ભય પણ જતો રહ્યો. તેણે તેના માથે અને પગે હાથ ફેરવતાં ફેરવતાં ચારેય પગ વારાફરતી ઊંચા કરી જોયા. ચંદાને ખાતરી થઈ ગઈ કે આખલો અત્યારે સાવ ગરીબડો થઈ ગયો છે. આ પરિસ્થિતિનો લાભ લઈ ચંદાએ ધીમે રહીને બંને પગે વારાફરતી ડહકલાનો ગાળો ભેરવી દીધો.

**9. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર તમારી નોટબુકમાં લખો :**

(1) ચંદાએ ગામના લોકોને ઉંદર-બિલાડીની કઈ વાર્તા કહી? એ વાર્તા કહેવાનું કારણ શું હતું?

(2) 'વધતો વિજય ઊગતી દયાને ગળી ગયો.' આ વિધાન પાઠને આધારે સમજાવો.

(3) ચંદાનું પાત્રાલેખન કરો.

## વ્યાકરણ

… પડ્યા ચંદાની તાકી રહ્યો. ચંદાએ તેની આંખમાં આંખ … આંખોથી અમથા હોય એમ પરોવી ધારદાર રહ્યું. સામાન્ય રીતે દૂરથી કોઈ મનુષ્ય કે પશુને આવતો જુએ એટલે આખલો તેની પાછળ પડતો, પણ અહીં તો એકીટશે ડોક કરી ચંદા તરફ તાકી જ રહ્યો, ગુમાની આખલાને એ સ્ત્રી ક્ષુલ્લક લાગી હતી કે પછી એના સ્ત્રીશક્તિ અને સૌંદર્યથી એ અંજાઈ ગયો હતો. તેથી આખલાએ હુમલો ન કર્યો.

(3) ત્વરિત પગલાં ઉપાડતી ચંદાના પગ થંભી જતાં લોકોના ટોળામાં શો ગણગણાટ થવા માંડ્યો? અથવા રઘજીનો જીવ પડીકે શા માટે બંધાયો? ત્વરિત પગલાં ઉપાડતી ચંદાના પગ થંભી જતાં લોકોના ટોળામાં ગણગણાટ થવા માંડ્યો. કોઈને થયું, 'આખરે બી ગઈ!' કોઈ ઈર્ષ્યાથી બોલ્યું, 'એ તો મોંએ બોલે એટલું જ. બધા હતા એટલે ગુમાનમાં ત્યાં સુધી ગઈ!' ત્રીજું બોલ્યું, 'આખલાની વિકરાળ આંખો જોઈ ભલભલાના હાંજા ગગડી જાય તો એનું શું ગજું?' આ ગણગણાટ સાંભળીને રઘજીનો જીવ પડીકે બંધાયો.

(4) આખલો ઊંચી ડોક જમીન ઉપર નાખી નિરાંતે શા માટે સૂતો હતો? ચંદા આખલાની પાસે બેસી હિંમતથી તેના કપાળ પર અને આંખો ઉપર હાથ ફેરવી તેની સાથે ગેલ કરવા લાગી. તેના કુમળા હાથનો સ્પર્શ આખલાને ગમતો હતો ચંદાના હાથનો સ્પર્શ તેના શરીરને શાતા આપી રહે, એ માટે આખલો ઊંચી ડોક જમીન ઉપર નાખી નિરાંતે સૂતો હતો.

(5) ચંદાએ આખલાના બંને પગે ડહકલાનો ગાળો ક્યારે ભેરવી દીધો? આખલો નિરાંતે બેસી રહ્યો એટલે ચંદાનો રહ્યો-સહ્યો ભય પણ જતો રહ્યો. તેણે તેના માથે અને પગે હાથ ફેરવતાં ફેરવતાં ચારેય પગ વારાફરતી ઊંચા કરી જોયા. ચંદાને ખાતરી થઈ ગઈ કે આખલો અત્યારે સાવ ગરીબડો થઈ ગયો છે. આ પરિસ્થિતિનો લાભ લઈ ચંદાએ ધીમે રહીને બંને પગે વારાફરતી ડહકલાનો ગાળો ભેરવી દીધો.

**9. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર તમારી નોટબુકમાં લખો :**

(1) ચંદાએ ગામના લોકોને ઉંદર-બિલાડીની કઈ વાર્તા કહી? એ વાર્તા કહેવાનું કારણ શું હતું?

(2) 'વધતો વિજય ઊગતી દયાને ગળી ગયો.' આ વિધાન પાઠને આધારે સમજાવો.

(3) ચંદાનું પાત્રાલેખન કરો.

## વ્યાકરણ

**1. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :**

(1) કોટે = ગળે

(2) છટા = અદા, ખુમારી

(3) પુંજ = ઢગલો

(4) ગુમાન = ઘમંડ, ગર્વ

(5) કામઠું = ધનુષ્ય

(6) વિકરાળ = બિહામણું, ભયાનક

(7) ગજું = હિંમત

(8) ચેતન = ચેતના, પ્રાણ

(9) ઉધામા = ધમપછાડા

(10) કોઢી = કુહાડી

**2. નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :**

(1) તોફાની × શાંત (2) આનંદ × શોક (3) પરાક્રમ × કાયરતા

(4) શક્તિ × અશક્તિ (5) દશ્ય × અદૃશ્ય (6) કુમળું × કઠોર

(7) વિજય × પરાજય (8) સ્વર્ગ × નરક

**3. નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને લખો :**

(1) બીલાડિ – બિલાડી (2) પુછડું – પૂંછડું

(3) વ્રસભ – વૃષભ (4) પ્રક્તી – પ્રકૃતિ

(5) સત્તાવહિ – સત્તાવાહી

**4. નીચે આપેલા શબ્દોના સમાસ ઓળખાવો :**

(1) સૂર્યનારાયણ – સૂર્ય એ જ નારાયણ – કર્મધારય

(2) વૃષભરાજ – વૃષભો(આખલાઓ)નો રાજા – તત્પુરુષ

(3) રામાયણ-મહાભારત – રામાયણ અને મહાભારત – દ્વિન્દ્વ

**5. નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

યમરાજા, અજિત, સાંઢ, વિકરાળ, ચંદા, મહાભારત, ભોંય

અજિત, ચંદા, ભોંય, મહાભારત, યમરાજ, વિકરાળ, સાંઢ

**6. નીચે આપેલા શબ્દોમાંથી દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દો શોધીને લખો :**

(1) ઘણાઘણાને (2) પડ્યો-પડ્યો (3) ગણગણાટ (4) વારાફરતી (5) પંપાળવું (6) ધીમેધીમે (7) સામસામા (8) જોતજોતામાં (9) ખંખેરવું (10) ગગડવું

દ્વિરુક્ત શબ્દો : ઘણાઘણાને, પડ્યો-પડ્યો, વારાફરતી, પંપાળવું, ધીમેધીમે, સામસામા, જોતજોતામાં, ખંખેરવું

રવાનુકારી શબ્દો : ગણગણાટ, ગગડવું

**7. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, તેમનો વાક્યમાં પ્રયોગ કરો :**

(1) હામ ભીડવી – હિંમત કરવી.

વાક્ય : મૃગેશે બોર્ડની પરીક્ષામાં પ્રથમ નંબર લાવવાની હામ ભીડી.

(2) જીવ લઈને નાસવું – જીવ બચાવવા ઘણી જ ઉતાવળે દોડવું.

વાક્ય : સ્ટેશન પાસે બોમ્બ ફૂટતાં લોકો જીવ લઈને નાસી ગયા.

(3) કેર વધવો – જુલમ કે ત્રાસ વધવો

વાક્ય : શહેરમાં ભ્રષ્ટાચારીઓનો કેર વધી ગયો છે.

(4) ચૂં કે ચાં ન થવું – કંઈ પણ ન બોલવું.

વાક્ય : પોલીસને જોતાં જ ચોર ચૂં કે ચાં ન થયો.

(5) ટેકો આપવો – સમર્થન આપવું

વાક્ય: વર્ગમાં પ્રતીકને મૉનિટર બનાવવાની વાતને બધા વિદ્યાર્થીઓએ ટેકો આપ્યો.

(6) રસ્તો કાઢવો – ઉપાય શોધવો

વાક્ય: પર્યટનમાં જવા માટે માને મનાવવા નિલેષે રસ્તો કાઢ્યો.

(7) એકના બે ન થવું – પોતાની વાતમાં મક્કમ રહેવું

વાક્ય: મારી સ્મિતાને ફિલ્મ જોવા જવાની ના પાડી, પણ એ એકની બે ન થઈ.

(8) જીવથી જવું – મૃત્યુ પામવું

વાક્ય: આજકાલ કેટલાંય બાળકો અચાનક ખુલ્લા બોરવેલમાં પડી જતાં જીવથી જાય છે.

(9) ઊંઘ ખંખેરવી – આળસ મરડવી, જાગી જવું

વાક્ય: વહેલી સવારનું વિમાન પકડવાનું હોવાથી મયૂર ઊંઘ ખંખેરીને જલદીથી ઊઠ્યો.

(10) આંખમાં આંખ પરોવવી – કોઈની સામે એકીટશે જોવું

વાક્ય: મા પોતાના નવજાત શિશુને આંખમાં આંખ પરોવીને જોયા કરે છે.

(11) અંજાઈ જવું – વશ થઈ જવું, પ્રભાવિત થઈ જવું

વાક્ય: ~~વસ્તીમાં અચાનક દીપડો ઘુસી જતાં સૌનાં~~ શિક્ષક પ્રવીણની અદ્ભુત વાક્છટાથી અંજાઈ ગયા.

* (12) હાંજા ગગડી જવાં – બીકથી થથરી જવું.

વાક્ય: વસ્તીમાં અચાનક દિપડો ઘુસી જતાં સૌનાં હાંજા ગગડી ગયાં.

(13) જીવ પડીકે બંધાવો – ભારે ચિંતા થવી.

વાક્ય: નાનો નિસર્ગ અગાશી પરથી પડી જતાં માનો જીવ પડીકે બંધાયો.

(14) દયાને ગળી જવી – નિર્દય થઈ જવું.

વાક્ય: ખૂની પાસે એનો ગુનો કબૂલ કરાવવા માટે પોલીસ દયાને ગળી જાય છે.

(15) હુકમ માથે ચઢાવવો – આજ્ઞા સ્વીકારવી

વાક્ય: પિતાનો હુકમ માથે ચઢાવી રિતેશ લગ્ન કરવા તૈયાર થયો.

(16) ભોંયમાં પેસી જવાનું મન થવું – ખૂબ શરમાવું, લાજવું

વાક્ય: રણજિતે ખૂન કર્યું છે એ જાણીને એના માબાપને ભોંયમાં પેસી જવાનું મન થયું.

8. નીચે આપેલા પ્રત્યેક શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :

(1) તોફાની ઢોરને ગળે બાંધવાનું લાકડું – ડફકલો

(2) સાપ અને ઉંદર જેવાં પ્રાણીઓએ જમીન ખોતરીને બનાવેલું રહેઠાણ – દર

(3) વિવાદના મુદ્દાની રજૂઆત – દલીલ

(4) લગભગ સોળ હાથનું અંતર – શરાવા

(5) એક જ સ્થાને મનને એકાગ્ર કરવાની યૌગિક ક્રિયા – ત્રાટક

(6) યમલોકનો અધિષ્ઠાતા દેવ – યમરાજ

**9. નીચે આપેલાં વાક્યોમાંથી સાદાં, સંયુક્ત અને સંકુલ વાક્યો અલગ તારવો :**

(1) તેને માસ્તરે કહેલી વાત સાંભરી આવી.

(2) રયજીએ આ વાત જાણી ત્યારે એણે ચંદાને ઘણી સમજાવી, પણ એકની બે થાય એ ચંદા શાની?

(3) સૂર્યનારાયણે ઊંઘ ખંખેરી આંખ ઉઘાડી અને ખોલેલી આંખમાંથી તેજના પુંજ પૂર્વમાં છંટાયા.

(4) એક વખતે જો પગે ડહકલો નાખીએ તો પછી આપણે છીએ ને એ છે.

(5) એને સ્ત્રી ક્ષુલ્લક લાગતી હતી કે એના સૌંદર્યથી અંજાઈ ગયો હતો?

(6) આ કટાક્ષ ફરીથી એણે કોઈ વખત ઉચ્ચાર્યો નહિ.

ઉત્તર : (1) સાદુ વાક્ય (2) ~~સંયુક્ત~~–સંકુલ વાક્ય (3) સંયુક્ત વાક્ય

(4) ~~સંકુલ~~–સંયુક્ત વાક્ય (5) સંયુક્ત વાક્ય (6) સાદુ વાક્ય

**10. નીચેના ત્રણેય રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરીને એક વાક્ય બનાવો :**

* (1) હાંજા ગગડી જવા (2) જીવ પડીકે બંધાવો (3) ચૂં કે ચાં ન થવું

અચાનક વાઘને આવતો જોઈ સૌનાં હાંજા ગગડી ગયા અને સૌનાં જીવ પડીકે બંધાયા, ડરથી ચૂં કે ચાં થયું નહિ.

**11. ભાષાસજ્જતામાં આપેલ નિયમો ધ્યાનમાં રાખી એક અક્ષરવાળા અને બે અક્ષરવાળા શબ્દોની યાદી લખો**

એક અક્ષરવાળા શબ્દો :

શ્રી, પી, બી, બૂ, રૂ, શી વગેરે

બે અક્ષરવાળા શબ્દો :

કોર, ખીર, ખૂંટ, ગુટી, ગૂઠ, ચીક, ચૂડી, છીંક, છૂટ, તીક, દૂર, ધૂમ, નીક, પીક, પુત્ર, પીગા વગેરે.

**અન્ય પ્રશ્નોત્તર**

9. ... આપેલાં વાક્યોમાંથી સાદાં, સંયુક્ત ...

(1) તેને માસ્તરે કહેલી વાત સાંભરી આવી.

(2) રયજીએ આ વાત જાણી ત્યારે એણે ચંદાને ઘણી સમજાવી, પણ એકની બે થાય એ ચંદા શાની?

(3) સૂર્યનારાયણે ઊંઘ ખંખેરી આંખ ઉઘાડી અને ખોલેલી આંખમાંથી તેજના પુંજ પૂર્વમાં છંટાયા.

(4) એક વખતે જો પગે ડહકલો નાખીએ તો પછી આપણે છીએ ને એ છે.

(5) એને સ્ત્રી ક્ષુલ્લક લાગતી હતી કે એના સૌંદર્યથી અંજાઈ ગયો હતો?

(6) આ કટાક્ષ ફરીથી એણે કોઈ વખત ઉચ્ચાર્યો નહિ.

ઉત્તર : (1) સાદુ વાક્ય (2) સંયુક્ત-સંકુલ વાક્ય (3) સંયુક્ત વાક્ય

(4) સંકુલ-સંયુક્ત વાક્ય (5) સંયુક્ત વાક્ય (6) સાદુ વાક્ય

**10.** નીચેના ત્રણેય રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરીને એક વાક્ય બનાવો :

* (1) હાંજા ગગડી જવા (2) જીવ પડીકે બંધાવો (3) ચૂં કે ચાં ન થવું

અચાનક વાઘને આવતો જોઈ સૌનાં હાંજા ગગડી ગયા અને સૌનાં જીવ પડીકે બંધાયા, ડરથી ચૂં કે ચાં થયું નહિ.

**11.** ભાષાસજ્જતામાં આપેલ નિયમો ધ્યાનમાં રાખી એક અક્ષરવાળા અને બે અક્ષરવાળા શબ્દોની યાદી લખો:

એક અક્ષરવાળા શબ્દો :

સ્ત્રી, પી, બી, બ્રૂ, રૂ, શી વગેરે

બે અક્ષરવાળા શબ્દો :

કીર, ખીર, ખૂંટ, ગુટી, ગૂઢ, ચીક, ચૂકી, છીંક, છૂટ, તીક, દૂર, ધૂમ, નીક, પીક, પુત્ર, પીળા વગેરે.

## અન્ય પ્રશ્નોત્તર

**1.** જો તમારા ગામમાં આવો સાંઢ આવ્યો હોય, તો તેને નાથવા તમે શું કરત? મારા ગામમાં આવો સાંઢ હોય તો મારી શૂરવીર બહેનપણીઓને હાથમાં તીર-કામઠાં લઈને સાંઢ ન દેખે તેમ ખૂણામાં ઊભી રાખું, જેથી જરૂર પડ્યે તેમની મદદ લઈ શકાય. પછી સાંઢને નાથવા હું છાને પગલે તેની પાસે જાઉં. ચંદાની જેમ તેની આંખોમાં આંખ પરોવી તેના પર ત્રાટક કરું. તેના શરીર પર હેતથી હાથ ફેરવું. પછી હળવેકથી તેના ચારેય પગ વારાફરતી ઊંચા કરું અને તેના બંને પગમાં ડહકલાની ગાળી ભેરવી દઉં.

* **2.** ઘરમાં તમે એકલા સૂતા હો અને ચોર ઘરમાં ઘૂસી આવે, તો તમે શું કરશો? મારા ઘરમાં હું એકલી સૂતી હોઉં અને ધીરેથી એક ચોર ઘરમાં ઘૂસી આવે તો હું ઘસઘસાટ ઊંઘી રહી છું એવો ઢોંગ કરીશ. પછી ચોર ચોરી કરવામાં મશગૂલ હશે ત્યારે હળવેકથી હું રસોડામાં જઈશ, આવણી ઉપાડી ચોર પગલે પાછી આવીશ અને પાછળથી તેના માથા પર જોરથી આવણી ફટકારીશ. ત્યારપછી દોડીને બહાર આવી જઈશ અને "ચોર ચોર" ની બૂમ પાડીશ.